જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૮/૦૩/૨૦૧૭ શનિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૫૫૪/૧૭**

**પોતાના વપરાશ સારૂ યામાહા આલ્ફા સ્કુટરની ચોરી કરનાર આરોપીને ઝડપી પાડતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ,**

**અમદાવાદ શહેર વિસ્તારમાં કાયદો વ્યવસ્થા જળવાઇ રહે તેમજ વાહન ચોરીઓનાં બનેલ ગુન્હાઓ શોધી કાઢવા તથા અટકાવવા સારૂ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી જે.કે.ભટ્ટ સાહેબ નાઓએ આપેલ સુચના અનુસાર નાયબ પોલીસ કમિશ્નર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો.રાજદીપસિંહ ઝાલા સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ એન્ટી પ્રોપર્ટી સ્ક્વોડના પોલીસ સબ ઈન્સપેક્ટર શ્રી બી.એચ.કોરોટ તથા શ્રી કે.ડી.જાડેજા નાઓ તેમના સ્ટાફના માણસો સાથે અમદાવાદશહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમિયાન મળેલ બાતમી હકીકત આધારે** બંગલા એરીયા રોડ ઉપર આવેલ ગળનારા ઉપરથી ચોરીના યામાહા આલ્ફા સ્કુટર મો.સા. નં.GJ-1-TC-1709 સાથે પિયુશ ઉર્ફે સોનુ લક્ષ્મણદાસ જાતે દેવનાણી ઉ.વ.૨૮રહે- ૨૩ આર્યપાર્ક સોસાયટી બંગલા એરીયા કુબેરનગર, અમદાવાદ ને **અટક કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે.**

સદરી આરોપી પિયુશ ઉર્ફે સોનુ લક્ષ્મણદાસ જાતે દેવનાણીનાની પુછ પરછ કરતા પોતે પોતાના ખાનગી વપરાશ સારુ આ સ્કુટર ચોરેલ છે અને તેનો નંબર બદલી પોતાના કામે વાપરતો હતો અને આ આરોપી અગાઉ પાંચ વર્ષ પહેલા દારુ વેચવાના ગુન્હામાં નરોડા ખાતે પકડાયેલ છે અને સદરહુ યામાહા આલ્ફા સ્કુટર મોસા. નં.GJ-1-TC-1709 સબંધે **શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફ.ગુ.ર.નં. ૫૫/૧૭ ઈ.પી.કો.૩૭૯ મુજબનો ગુન્હો રજી. થયેલ** હોય આરોપી વધુ તપાસ અર્થે શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે સોંપેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વટવા પોલીસ સ્ટેશનઃ</u>**

મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ નાઓની સુચનાથી વટવા પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારૂ-જુગારની અસમાજીક પ્રવૃતિ અટકાવવા કડક કાર્યવાહી કરવાની હોય સર્વેલન્સ પોસઈ શ્રી એસ.એ.ગોહીલ નાઓને બાતમી મળેલ કે જેતલપુર ગામ ખાતે નરેન્દ્રસિંહ જીલુભા પરમાર તથા રજાક મંગા ચુનારા નાઓ નરેન્દ્રસિંહ નાઓના કબજામાં આવેલ વાડીના મકાનમાં તીન પતીનો જુગાર રમાડે વિગેરે મતલબની બાતમી હકિકત મળતા મે. મ.પો.કમિ.શ્રી જે-ડીવીઝન સાહેબનાઓ તથા પોસઈ આર.જે.ઠુમ્મર તથા પોસઈ કે.એસ.પટેલ તથા સર્વેલન્સ સ્કોર્ડના સ્ટાફના માણસો સાથે બાતમી હકિકત વાળી જગ્યાએ રેઈડ કરતા નરેન્દ્રસિંહ જીલુભા પરમાર તથા રજાક મંગા ચુનારા મળી કુલ્લે – ૨૨ માણસો તીન પતીનો જુગાર રમતા પકડાઈ જઈ જેઓની પાસેથી કુલ્લે રોકડા નાણા રૂ.૮૩,૭૮૦/- તથા મો.સા. કુલ્લે-૯ કિ.રૂ.૩,૦૫,૦૦૦/- તથા મોબાઈલ ફોન નંગ-૨૩ કિ.રૂ.૩૯,૫૦૦/- મળી કુલ્લે રૂ.૪,૨૮,૨૮૦/- ની મતા સાથે કુલ્લે આરોપી ૨૨ વિરુધ્ધ જુગાર ધારા કલમ ૪, ૫ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે તથા નરેન્દ્રસિંહ જીલુભા પરમારનાઓની ફોર વ્હીલર ગાડીની ઝડતી કરતાં તેમાંથી પરપ્રાંતની ઈંગ્લીશ દારૂની બોટલ નંગ-૮ કિ.રૂ.૪,૦૦૦/- ની મળી આવતા તેઓના વિરુધ્ધ પ્રોહીબીશન એકટ મુજબ અલગ થી ગુના દાખલ કરવામા આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઓઢવ પોલીસ સ્ટેશન**

ગઈ તારીખ ૧૬/૩/૧૭ ના રોજ પો.સ.ઈ આર.એન.ખાંટ તથા હેકો જયેશભાઈ કોદરભાઈ બનં.૮૨૪૪ તથા પો.કો અશોકભાઈ ભીખાભાઈ બ.ન ૯૬૮૮ તથા લો.ર ગેલાભાઈ અમરાભાઈ બ.ન ૧૯૩ તથા લો.ર ભયલુભા દીલુભા બ.નં ૦૩૨ એ રીતેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ગીતા ગૌરી સીનેમા આગળ આવતા સાથેના લો.ર ગેલાભાઈ અમરાભાઈ તથા લો.ર ભયલુભા દીલુભા નાઓએ સયુકત રીતે બાતમી હકીકત આપેલ કે "ઓઢવ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં ૭૯/૧૭ ઈ.પી.કો કલમ ૩૭૯,૧૧૪ મુજબના ગુનામા ચોરીમા સંડોવાયેલ સી.એન.જી રીક્ષા નંબર જીજે-૦૧-ડીવી.૦૫૮૪ ની લઈ બે ઈસમો ઓઢવ વીરાટનગર ચાર રસ્તા તરફના રોડેથી આવી ગીતા ગૌરી સીનેમા થઈ નારોલ તરફ જવાના છે" વીગેરે મતલબની બાતમી હકીકત આધારે આરોપી નં (૧) શાહરૂખ સ/ઓ ભુરાભાઈ મન્સુરી ઉ.વ ૨૧ રહે મ.નં ૨૦ ખ્વાજાનગર વટવા કેનાલ ઉપર પંમ્પીંગ સ્ટેશન પાછળ વટવા અમદાવાદ તથા નં (૨) મહમદ એજાઝ ઉર્ફે છોટે સ/ઓ મુન્ના હનીસ કુરેશી ઉ.વ ૨૨ રહે મ.નં ૪૧ ગ્રીનપાર્ક સોસાયટી-૧ બાગે હસન સોસાયટીને બાજુમા વટવા અમદાવાદ શહેર નઓને સદરી ગુનામા તારીખ ૧૬/૦૩/૧૭ ના કલાક ૧૯/૫૦ વાગે પકડી અટક કરી આરોપી મોહમદ એજાઝ ઉર્ફે છોટે સ/ઓ મુન્ના હનીસ કુરેશી નાની અંગઝડતી માથી મળેલ ચોરીમા ગયેલ લેધરનુ પર્સ રોકડા રૂપીયા ૧૭૦૦/- તથા બીજા પરચુરણ કાગળો સાથેનુ પર્સ તથા શાહરૂખ સ/ઓ મુન્નાભાઈ મન્સુરી અંગ ઝડતીમાથી મળેલ ઈન્ટેક્ષ કંપનીનો મોબાઈલ ફોન કી.રૂ ૫૦૦/- તથા ગુનામા વાપરેલ સી.એન.જી રીક્ષા નં જીજે-૦૧-ડીવી-૦૫૮૪ જેનો ચેચીસ નંબર ૦૩૭૧૨ તથા એંજીન નં ૩૯૯૪૧ જેની કી.રૂ ૭૦૦૦૦/- ગણાય તે મળી કુલ્લે રૂ ૭૨૨૦૦/- નો મુદામાલ કબ્જે કરી આરોપી મુદામાલ રીકવર કરી મિલકત સબંધી ગુનો શોધી કાઢી સારી કામગીરી કરેલ છે તારીખ ૧૭/૦૩/૨૦૧૬

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)